Appli.(ESI)No.04/2018
Order Under Ex-21

# કામદાર રાજય વિમા અદાલત નં.૧ ના ન્યાયાધિશ સમક્ષ, સુરત.

અરજી(ઈ.એસ.આઈ.)નં.૦૪/૨૦૧૮

અરજદારઃ– ડોમેક ફેબ્રીકેટર્સ પ્રા.લી.

::– વિ રૂ દ્ધ –::

સામાવાળાઃ– (૧) ડેપ્યુટી ડાયરેકટર
એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન,
(૨) રીકવરી ઓફીસર
એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન,

::– કોર્ટ બહાર સમાધાન કરવા પરવાનગી માટેની આંક–૨૧ ની અરજી નીચે હુકમ –::

અરજદાર તરફેની હાલની અરજી ઈ.એસ.આઈ. કોર્પોરેશનની ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ અંતર્ગત કોર્ટ બહાર સમાધાન કરવા માટે પરવાનગી મેળવવા માટેની છે. ઈ.એસ.આઈ. કોર્પોરેશન ધ્વારા ઈ.એસ.આઈ. એકટ હેઠળના રાજય વિમા અદાલત સમક્ષના પડતર કેસોમાં પતાવટ કરવા અંગે ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં આ સ્કીમ હેઠળ કોર્ટ બહાર પતાવટ કરવા માટે અરજદાર સંસ્થાએ રાજય વિમા અદાલતની પરવાનગી મેળવવાની શરત મુકવામાં આવેલ છે. આ કામના અરજદાર આ સ્કીમનો લાભ મેળવવા માંગતા હોઈ આ સ્કીમ હેઠળ કોર્ટ બહાર પતાવટ કરવા પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. વૈકલ્પિક વિવાદ નિવારણ સંબંધી કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કામના અરજદારની અરજીમાં માંગ્યા મુજબની પરવાનગી આપવી યોગ્ય, જરૂરી અને ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુ ક મ –::

આ કામના અરજદારને ન્યુ એમ્નેસ્ટી સ્કીમ–૨૦૨૫ હેઠળ આ કામની કોર્ટ બહાર પતાવટ કરવા પરવાનગી આપવામાં આવે છે.

આજ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
ન્યાયાધીશ,કામદાર રાજય વીમા અદાલત,
કોર્ટ નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(સ્ટેનો.–સી.જી.ચૌધરી)